सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૮ | ૦૮ | ૨૦૨૩ |
| નોંધ્યા તારીખ | ૦૮ | ૦૮ | ૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૦ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૦ | ૧૨ |

**કચ્છ જીલ્લાના મહેરબાન છઠા એડીશ્નલ સેશન્સ ન્યાયધિશ્રી સમક્ષ,**
**મુ.ગાંધીધામ.**

**ફોજદારી રીવીઝન અરજી નં.૫૧/૨૩**
**આંક:-**

**અરજદાર:-** **દીનેશ ગોવિંદરામ લાલવાણી**
ઉ.વ.૩૮, ધંધો: વેપાર અને સમાજ સેવા,
રહે. પ્લોટ નં.૩૨૭, વોર્ડ નં.૬/બી,
દુબઇ ટેક્ષટાઇલ નગર, આદીપુર-કચ્છ.

**વિરુધ્ધ**

**સામાવાળા:-** **૧. જનાર્દન અનીલકુમાર જોષી**
ઉ.વ.પુખ્ત,
**૨. અનીલકુમાર નરેન્દ્રભાઇ જોષી**
ઉ.વ.પુખ્ત,
બન્ને રહે. પ્લોટ નં.બી-૮૧, એન.યુ.-૩,
અપનાનગર, ગાંધીધામ-કચ્છ.

**ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૯૭ અન્વયે રીવીઝન અરજી**

**અરજદાર તરફે વિ.વ.શ્રી બી.આર.ગઢવી**

**સામાવાળા તરફે વિ.વ.શ્રી જી.વી.પરીચાણી**

## –:: ઠરાવ ::–

(૧) અરજદારે હાલની રીવીઝન અરજી ગાંધીધામના વિ.ત્રીજા અધિક ચીફ જયુડી. મેજીસ્ટ્રેટનાઓએ ફો.ઇ.નં.૮૬/૧૮ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧૧, ૪૨૦, ૧૨૦(બી), ૧૧૪ મુજબની ફરીયાદ રજુ કરેલ જે સી.આર.પી.સી. કલમ–૨૦૩ હેઠળ ફરીયાદ રદ કરતો તા.૧૦–૫–૨૩ ના રોજ કરેલ હુકમથી નારાજ થઇ દાખલ કરેલ છે.

(૨) સરળતા ખાતર હાલના કામના અરજદાર કે જે વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ મુળ ફો.ઇ.નં.૮૬/૧૮ ના કામના મુળ ફરીયાદી છે અને હાલના કામના સામાવાળા કે જેઓ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ મુળ ફો.ઇ.નં.૮૬/૧૮ ના કામે આરોપીઓ છે, તે જ રીતે એટલે કે હાલના અરજદારને ફરીયાદી તરીકે અને હાલના કામના સામાવાળાને આરોપીઓ તરીકે સંબોધવામાં આવશે.

(૩) અરજદારની રીવીઝન અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ વિ.બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧૧, ૪૨૦, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાની ફરીયાદ રજુ કરેલી જે ફરીયાદ વિ. બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટે સી. આર. પી. સી.ની કલમ–૨૦૩ અન્વયે રદ કરેલી પરંતું બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટે અસત્ય હકીકતો બતાવી છે અને ફરીયાદીના વિ. વકીલે દલીલો કરેલી હોવા છતાં તે હકીકતો હુકમમાં દર્શાવેલ નથી. વધુમાં, વિ. બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટે ફરીયાદ, તેની સાથે રજુ થયેલ દસ્તાવેજો અને ફરીયાદી તરફે કરવામાં આવેલી દલીલોના આધારે નિર્ણય લેવાના બદલે મુદતોએ હાજર રહેલ નથી તે બાબતો દર્શાવી અયોગ્ય રીતે આ ફરીયાદ રદ કરેલી છે.

(૪) આરોપીઓએ આ અપીલના કામે હાજર થઇ આંક–૧૦થી વાંધા રજુ કરેલા છે અને તેમાં વાંધા લેતા જણાવેલ છે કે, વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે વિસ્તારપૂર્વકના કારણો બતાવી ફરીયાદ રદ કરેલી છે. આરોપી નં. ૧નાએ ફરીયાદી પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/– ઉછીના લીધેલા તે આરોપી નં. ૧નાએ

ફો. કે. નં. ૩૨૨૦/૨૦૧૭ના કામે ચુકવી આપેલ છે પરંતું ફરીયાદીએ આરોપીઓ પાસેથી મોટી રકમ પડાવવા ખોટી ફરીયાદ કરેલી છે.

(પ) ફરીયાદી તરફે વિ.વ.શ્રી બી.આર.ગઢવીનાઓની એવી દલીલ છે કે, વિ. બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટે જે હુકમ કરેલ છે તે ફરીયાદી ગેરહાજર હોવાનું કારણ બતાવીને કરેલ છે અને ફરીયાદનો ગુણદોષ ઉપર નિકાલ કરેલ નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, ફરીયાદી ગેરહાજર હોય તો પણ કોર્ટ ફરીયાદનો ગુણદોષ ઉપર નિકાલ કરી શકે છે પરંતું વિ. બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટે ફરીયાદનો ગુણદોષ ઉપર નિકાલ ના કરી અને ફરીયાદીની ગેરહાજરીનું કારણ બતાવી ફરીયાદ રદ કરેલ હોવાનો હુકમ ગેરકાયદેસરનો હોય આ હુકમ રદ કરી ફરીયાદ સંબંધે ફરીથી નિર્ણય લેવા માટે ફોજદારી ઈન્કવાયરી નં. ૮૬/૨૦૧૮ને ફરી ચલાવવા માટે વિ. મેજીસ્ટ્રેટ કોર્ટ તરફ મોકલી આપવી જોઇએ. તેમણે પોતાની દલીલોના સમર્થનમાં નામ.ગુજરાત હાઇકોર્ટના આર/ક્રિમીનલ અપીલ નં.૧૯૬૦/૨૨, મહેશસિંહ વિક્રમસિંહ જાડેજા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદો રજુ રાખેલ છે.

(૬) આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.વી.પરીયાણીની એવી દલીલ છે કે, વિ. બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટના હુકમ ઉપર આ અપીલ દાખલ કરવામાં આવેલી છે અને તેથી સરકાર જરૂરી પક્ષકાર બની રહે છે પરંતું ફરીયાદીએ હાલની અપીલના કામે સરકારને પક્ષકાર બનાવેલ નથી અને તેથી આ અપીલને પક્ષકારોનો બાધ નડતો હોય હાલની આ અપીલ રદ કરવી જોઇએ. તેમની વધુમાં દલીલ એવી છે કે, ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો તેમાં જે તકરાર દર્શાવેલી છે તે દિવાની સ્વરૂપની છે અને કોઇ ફોજદારી ગુનો બનતો નથી અને તેથી હાલની આ અપીલ ટકી શકે તેમ નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, ફરીયાદીએ જે આક્ષેપો તેમની ફરીયાદમાં કરેલ છે તેને કોઇ પુરાવાથી સમર્થન મળતું નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, આરોપી નં. ૨ મરણ ગયેલ છે અને ફરીયાદમાંના આક્ષેપો જોવામાં આવે તો આરોપી નં. ૧ સામે કોઇ ગુનો બનતો નથી. વિ.વકીલે પોતાની દલીલોના સમર્થનમાં નામ. ગુજરાત હાઇકોર્ટના ૨૦૨૩ (૦)

એ.આઇ.જે.ઇ.એલ.– એચસી– ૨૪૫૮૧૬, પ્રેમસીંગ શ્રીરામ યાદવ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૭) બન્ને પક્ષના વિ.વશ્રીઓની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજો તેમજ ગાંધીધામના વિ. ત્રીજા અધિક ચીફ જયુડી.મેજી.શ્રી નાઓએ કરેલ વાદગ્રસ્ત હુકમ વિગેરે ધ્યાનમાં લીધેલ છે. ઉપરોકત વિગતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના આધારો વિગેરે ધ્યાને લઇ હાલના તબકકે અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા ::–**

(૧) શું વિ.ટ્રાયલ કોર્ટ દવારા ફો.ઇ.નં.૮૬/૧૮ ના કામે તા.૧૦–૫–૨૩ ના રોજ સી.આર.પી.સી. કલમ–૨૦૩ મુજબ ફરીયાદીની ફરીયાદ રદ કરતો જે હુકમ કરેલ છે, તે હુકમ અન્યાયી, ભુલ ભરેલો અને કાયદાની પ્રસ્થાપિત જોગવાઇઓ વિરુધ્ધનો હોઇ તે રદ કરવાપાત્ર છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૯) વિ. બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગાંધીધામની કોર્ટ સમક્ષની ફોજદારી ઇન્કવાયરી નં. ૮૬/૨૦૧૮નું રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદીએ ઇ.પી.કો. કલમ–૪૨૦, ૧૨૦(બી), ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ રજુ કરતાં વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે ફરીયાદીનું વેરીફીકેશન નોંધ્યા બાદ આ ફરીયાદ સબબ વધુ તપાસ થવા સારૂ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૨ અન્વયે કોર્ટ ઇન્કવાયરીમાં રાખવાનો હુકમ કરેલ હતો અને ત્યારબાદ લાંબા સમય સુધી ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવા માટે ઇન્કવાયરી

મુલતવી રાખવામાં આવેલી હતી પરંતું ફરીયાદ પક્ષે વધુ કોઇ પુરાવો રજુ ના થતા અને ફરીયાદ પક્ષે ફરીયાદી હાજર ના રહેતા રેકર્ડ ધ્યાને લઇ વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે સદર ફરીયાદ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૦૩ અન્વયે રદ કરવાનો હુકમ કરેલો છે.

(૧૦) ફરીયાદીના વિ. વકીલ શ્રીની મુખ્ય દલીલ એવી છે કે, વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે ફરીયાદી તથા ફરીયાદીના વકીલશ્રી હાજર રહેલા ના હોવાનું તેમના હુકમમાં ખોટુ નોંધેલ છે તેમજ ફરીયાદીની ગેરહાજરીમાં પણ આ ઇન્કવાયરીનો ગુણદોષ ઉપર નિકાલ કરી શકાય પરંતું માત્ર ફરીયાદીની ગેરહાજરીના કારણે આ ઇન્કવાયરી રદ કરવામાં આવેલી છે અને ઇન્કવાયરીનો ગુણદોષ ઉપર નિકાલ ના કરી વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે ભૂલભરેલો હુકમ કરેલો છે. હવે, વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો હુકમ જોવામાં આવે તો વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે ફરીયાદી તથા ફરીયાદીના વિ. વકીલની ગેરહાજરી બાબતેની તારીખો નોંધેલી હોવાનું જણાય છે અને તેના સંદર્ભમાં ઇન્કવાયરીના કામે કરવામાં આવેલ રોજકામ જોવામાં આવે તો મોટાભાગના કિસ્સામાં તે હકીકતને સમર્થન મળે છે જેથી વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે તેમના હુકમમાં અસત્ય હકીકતો જણાવી છે તેમ કહી શકાય નહીં. વધુમાં, ફરીયાદીના વિ. વકીલની દલીલો સાંભળવામાં આવેલી હોવાનો રોજકામમાં ઉલ્લેખ કરવામાં આવેલ નથી જેથી ફરીયાદીના વિ. વકીલની દલીલ સાંભળી હોવા છતાં તેમના હુકમમાં લખેલી ના હોવાની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં. વધુમાં, વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો હુકમ જોતાં ફરીયાદીની ગેરહાજરીના કારણ માત્રથી આ ફરીયાદ કરી છે તેમ કહી શકાય તેમ નથી. વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો હુકમ જોતાં ફરીયાદીની ગેરહાજરીના કારણે ફરીયાદીનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરેલ હોવાની હકીકતની ચર્ચા કરવા માટે અને ફરીયાદીને પુરતી તક આપવા છતાં ફરીયાદ પક્ષ તરફથી કોઇ પુરાવો રજુ થયેલ ના હોવાનું બતાવવા ફરીયાદીની ગેરહાજરીની ચર્ચા કરેલી હોવાનું જણાય છે. વધુમાં, વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો હુકમ જોતાં તેમાં એ હકીકતોની પણ ચર્ચા કરવામાં આવેલી છે કે, ફરયાદીની ફરીયાદની હકીકત જોતાં પક્ષકારો વચ્ચે દિવાની સ્વરૂપની તકરાર હોવાની ચર્ચા કરવામાં

આવેલી છે તેમજ ગુનાહીત વિશ્વાસઘાત અને છેતરપીંડીનો આક્ષેપ પુરવાર થતો ના હોવાની ચર્ચા કરવામાં આવેલી છે. વધુમાં, સદર ઇન્કવાયરીના કામે કોઇ પુરાવો રજુ કરેલ ના હોય ફરીયાદીની ફરીયાદના જે કથનો છે તેમાં તથ્ય જણાતું નથી તેવું સ્પષ્ટ કારણ આપેલ છે તે સંજોગોમાં સદર ફરીચાદ સંદર્ભે વિ. જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ કોર્ટે આ ફરીયાદનો ગુણદોષ ઉપર નિર્ણય કરેલ નથી તેમ કહી શકાય નહી અને માત્ર ફરીયાદીની ગેરહાજરીના કારણે ફરીયાદ રદ કરેલી છે તેમ કહી શકાય નહીં.

(૧૧) વધુમાં, ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદીએ ફરીયાદ રજુ કરતાં વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે ફરીયાદ, ફરીયાદીનું વેરીફીકેશન તથા રેકર્ડ વંચાણે લઇ ફરીયાદીની ફરીયાદ અન્વયેના ગુના અંગે ઇન્સાફી કાર્યવાહી કરતા પહોલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૨ અન્વયે કોર્ટ દ્વારા ઇન્કવાયરી કરવી જરૂરી જણાતી ફરીયાદીને સાહેદો સાથે હાજર રહેવા હુકમ કરેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદની હકીકતોને ધ્યાને રાખી વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે ફરીયાદીના સાક્ષીઓ તપાસવા વધુ તપાસનો હુકમ કરેલ છે. પરંતું, સદર ઇન્કવાયરીનું રેકર્ડ જોતાં ફરીયાદીને તેમની ફરીયાદ સંબંધે વધુ પુરાવો રજુ કરવા તથા સાહેદોને હાજર રાખવા માટે પુરતી તક આપવામાં આવેલી હોવાનું જણાય છે, તેમ છતાં, સદર ઇન્કવાયરીના કામે ફરીયાદી દ્વારા કોઇ સાહેદને તપાસેલા નથી અને વધુ કોઇ પુરાવો રજુ કરેલ ના હોવાનું જણાઇ આવે છે.

(૧૨) આમ, ફરીયાદીને તેમની ફરીયાદના સમર્થનમાં સાહેદોને તપાસવા માટે તથા પુરાવો રજુ કરવા માટે અદાલત પુરતી તક આપવા છતાં ફરીયાદીએ તેમની ફરીયાદના સમર્થનમાં કોઇ સાક્ષીને તપાસેલા નથી કે વધુ કોઇ પુરાવો રજુ કરેલ નથી.

(૧૩) ફરીયાદીએ ઇન્કવાયરીના કામે કોઇ પુરાવો રજુ કરેલ ના હોય ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ તથા ફરીયાદીના વેરીફીકેશન અને તેની સાથેના કાગળોને જ ધ્યાને લઇ સદર ફરીયાદ સંદર્ભે નિર્ણય કરવાનો રહે છે. વિ. જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ કોર્ટે ફરીયાદીની ફરીયાદ, ફરીયાદીનું વેરીફીકેશન તથા તેની સાથેના દસ્તાવેજોને ધ્યાને લઇને જ વધુ તપાસ થવાનું ઉચિત માનેલ

હતું અને ફરીયાદીએ કોઇ વધુ પુરાવો રજુ કરેલ ના હોય ફરીયાદીની ફરીયાદ રદ કરવાનો હુકમ કરેલ છે તે અયોગ્ય અને કાયદા વિરૂધ્ધનો છે તેમ કહી શકાય નહીં.

(૧૪) ફરીયાદીની ફરીયાદ જોતાં ફરીયાદીએ પોતાના સગા સંબંધીઓ પાસેથી રકમ મેળવી આરોપી નં. ૧ને રૂ.૫૭,૦૦૦/- (અંકે રૂપિયા સત્તાવન લાખ પુરા) હાથ ઉછીના આપેલા અને ત્યારબાદ રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) હાથ ઉછીના આપેલા જે પેટે આરોપીએ નં. ૧નાએ રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) નો ચેક આપેલો જે પરત ફરેલો, ત્યારબાદ આરોપી નં. ૧ અનેક વેપારીઓના નાણાં લઈને ભાગી ગયેલ હોવાની હકીકત વર્તમાનપત્ર વાંચતા જાણવા મળેલી, ત્યારબાદ ફરીયાદીને વર્તમાનપત્ર દવારા જાણવા મળેલ કે આરોપી નં.૧ ના ભાઇ અને આરોપી નં.૨ ના પુત્ર હાર્દીક અનીલકુમાર જોષીએ આત્મહત્યા કરેલ છે, ત્યારબાદ આરોપી નં.૧ ગાંધીધામ મુકામે આવતા તેમના ભાઈની અંતિમક્રિયા અને શોકના દીવસે તા.૧-૧૨-૧૭ ના રોજ આરોપીઓના ઘરે ગયેલ અને રકમ પરત આપવા વિનંતી કરેલ, ત્યારે આરોપી નં.૧ વાળા ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને ગાળો આપેલ અને આરોપી નં.૨ નાઓએ ફરીયાદીને સુસાઇડ નોટમાં તેનું નામ લખી ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપેલ હોવાનો ફરીયાદીનો કેસ છે. ફરીયાદીએ તેમની ફરીયાદના સમર્થનમાં પોલીસ સ્ટેશનમાં આપેલી અરજી, વર્તમાનપત્રની પ્રત, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયેની ફરીયાદની નકલ, રૂ.૫,૦૦,૦૦૦/-ના ચેકની નકલ, રીટર્ન મેમોની નકલ, આરોપીને આપેલી નોટીસની નકલ, રજી. પો. એ. ડી. કર્યાની નકલ રજુ કરેલ છે. આમ, ફરીયાદીએ કુલ રૂ.૬૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાસઠ લાખ પુરા) આરોપી નં. ૧નાને આપેલ હોવાનું તેમની ફરીયાદમાં જણાવેલ છે પરંતુ આરોપી નં. ૧ને રૂ.૬૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાસઠ લાખ પુરા) આરોપી નં. ૧નાને આપેલ હોવાનું બતાવતો કોઇ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદીએ તેમના સગા સબંધીઓ પાસેથી આ રકમ મેળવી આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ આવા કોઇ સગા સંબંધીનું નામ જણાવેલ નથી કે આવા

કોઈ સગા સંબંધીને સાક્ષી તરીકે તપાસેલ નથી. આમ, ફરીયાદીએ આરોપી નં. ૧ને રૂ.૬૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાસઠ લાખ પુરા) આરોપી નં. ૧નાને આપેલ હોવાનું બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં, ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ ફરીયાદી આરોપી નં. ૧ના ભાઈના મૃત્યુ બાદ શોકના દિવસો પછી આરોપીઓના ઘરે ગયેલ ત્યારે આરોપી નં. ૧નાએ તેમને ગાળો બોલેલી હોવાનું અને આરોપી નં. ૨નાએ તેમને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ છે. પરંતું, આ બનાવ સંબંધે પણ કોઈ સાક્ષી ફરીયાદીએ રજુ રાખેલા નથી. આમ, ફરીયાદીએ આરોપી નં. ૧ને રૂ.૬૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાસઠ લાખ પુરા) જેવી માતબર રકમ આપેલ હોવાનું બતાવતો કોઈ પુરાવો ફરીયાદી રજુ રાખતા ના હોય અને ફરીયાદી પાસે આવી રકમ કઇ રીતે આવી તેનો પણ કોઈ પુરાવો ફરીયાદી રજુ રાખતા ના હોય ત્યારે તેમજ આરોપી નં.૨નાએ ફરીયાદીને ખોટા કેસમાં ફસાવી દેવા ધમકી આપેલી હોય તેવા બનાવના પણ કોઈ સાક્ષી રજુ રાખેલ ના હોય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ સબબ કાર્યવાહી કરવા માટે પુરતા કારણો જણાતા ના હોય ફરીયાદીની ફરીયાદ રદ કરવાનો વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે કરેલ હુકમ યોગ્ય જણાય છે અને તેમાં કોઈ હસ્તક્ષેપ કરવા યોગ્ય નથી.

(૧૫) ફરીયાદી તરફે નામ.ગુજરાત હાઈકોર્ટના આર/ક્રિમીનલ અપીલ નં.૧૯૬૦/૨૨, મહેશસિંહ વિક્રમસિંહ જાડેજા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદો રજુ રાખેલ છે પરંતું આ ચુકાદામાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો એકબીજાથી ભિન્ન છે જેથી ફરીયાદ પક્ષને આ ચુકાદાનો લાભ મળી શકે તેમ નથી. નામદાર વડી અદાલત સમક્ષના કેસમાં કેસને ડોરમેટ ફાઈલ ઉપર રાખવામાં આવેલ હતો અને ત્યારબાદ ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ-૨૫૬ અન્વયે સ્પેશીયલ સીટીંગમાં તે કેસનો નિકાલ કરી નાંખવામાં આવેલો હતો. જયારે, હાલના કેસમાં આવા કોઈ સંજોગો રહેલા નથી.

(૧૬) આમ, ફરીયાદીની ફરીયાદ સબબ કાર્યવાહી કરવા પુરતા કારણો ના હોય વિ. મેજીસ્ટ્રેટ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા યોગ્ય ના હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

- હાલની આ રીવીઝન અરજી નામંજુર કરવામાં આવે છે.
- હાલની અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.
- આ હુકમની નકલ સંબંધિત કોર્ટને મોકલી આપવી.
- ફોજદારી ઈન્કવાયરી નં. ૮૬/૨૦૧૮નું રેકર્ડ સંબંધિત કોર્ટને તાત્કાલીક મોકલી આપવું.

હુકમ આજરોજ તા.વીસમી, માહે–જુન, સને – ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૨૦–૦૬–૨૦૨૬

(આર. જે. પટેલ)
છઠ્ઠા અધિક જીલ્લા તથા સત્ર
ન્યાયાધીશ, ગાંધીધામ, કચ્છ.
(કોડ નં. જીજે ૦૦૮૩૩)